ઓખા આખ્યાંન.

શલોકો.

તે

રા. મોતીલાલ મનસુખરામ.

મોજે નિમળપુરની સ૦ ગુ૦ નિશાળના

[illegible]ાજી આસીસ્ટંટ. એમણે બનાવી.

અને શ્રી ડુરનારાયણ મહાશંકર

તે નકુરના મેહેતાજી.

અને શ્રી હીરાલાલ ગોવીંદલાલ

મોજે કાશિંદ્રાના સ૦ ગુ૦ નિશાળના

મેહેતાજી એઓને અર્પણ કર્યું.

છપાવી પ્રશીદ્ધ કરનાર.

છગનલાલ દામોદરદાસ.

अमदावादमां:

[illegible]या जमादारनी हवेलीमां "समशेर बाहादुर"

छापखानामां सवाइभाई रायचंद छाप्यो.

संवत १९३४ — सन १८७८.

કીંમત ૨॥ આનો.

ओखा आख्यान.

દોહરો

ભાગવત દશમ સ્કંધનો, બાસઠમો અધ્યાય;
સહુ સજ્જન મન સાંભળો, ઓખાનો પર્યાય.

શલોકો.

ગૌરી સુતનું સમરૂં સમરણ, જેને નથી જન્મને મરણ;
ગૌરી પુત્રને ગણપતી દેવ, સુરવર મુનીવર કરેછે સેવ.
મેગળમુખોને હસ્ત છે ચાર, સિદ્ધિ બુદ્ધિ બે સુંદર નાર;
લાભ લક્ષ બે બાળકાનંદ, પ્રભુ પેહેલું છે આપ પુજન.
સરસ્વતિ સતિ મતિ મા આપો, કૃપા કરીને કીંકર થાપો;
ઓખા સતીને પતીજ આપ્યો, કાળી દાસને દાસજ થાપ્યો.
એવા સારનો પામું નહિ પાર, દરીદ્ર દાસની ચડાને વાર;
ઓખા આખ્યાન કહું છું હુંય, બુદ્ધિ અનુપમ આપજો તુંય.
સુંદર સેહેરછે શોણિતપુર, બાણાસુર ત્યાં રાય અસુર.
કુંભંડ તેનો મંત્રિ કેહેવાય, રાજ સોપીને ચાલ્યો રાય.
કૈલાસ જઈને તપજ માંડ્યું, કાયા કામની કંચન છાંડ્યું;
શિવ શિવ એ નામને જપે, અન્નને અંબુ કાંઈ ન ખપે.
પંખીએ માળા કીધાછે કાન, બગની પેરે તો ધર્યુંછે ધ્યાન;
અંગના કીધા લાકડાં જેવાય, તોય તે વ્રત ભંગ ન થાય.
સહસ્ર વર્ષ કીધું પુજન, પારવતિપતિ થયા પ્રસન્ન;

માગ્ય માગ્ય કીધું માહાદેવ, રાયજી ત્યાં બોલ્યા તતખેવ.
વચન માગું છું આપનું તાત, મુજને આપો સહસ્ત્ર હાથ;
વળી વિપત્તે કરજોરે વહાર, તથાસ્તુ કહિ ચાલ્યા ત્રિપુરાર.
પછી બાણાસુર પુરમાં આવ્યા, સૌનએ શેહેરની નારે વધાવ્યા;
આપ બીજાને સુખીયો કરે, અંબિકા આનંદ મનમાંહિ ધરે.
અનુક્રમે દિન થયા છે ઝાઝા, એક દિવસ હુવા તમાસા;
રાજા રાજથી જાયછે જ્યાંય, ઓળગાણી ઉભીછે ત્યાંય.
દીઠી ધરેલી સાવરણી સામી, રાજા વંઝ્યા ત્યાં દંભજ પામી;
કારણ કહે તું કામની તેનું, દુઃખ દાવાનળ લાગ્યું છે એનું.
કહે તો તુજને દ્રવ્યજ આપું, નહિં તો શિર સહસ્ત્ર કાપું;
કંપી કહેછે કામની વાત, છોરૂં નથી કાંઇ તમારે તાત.
વંઝ્યાના સુકન કહેવાએ વરવા, પુત્ર વિના પ્રભુ દેખ્યા ઓ હળવા
કામનીએ કહિ કરગરી વાત, રાજાને મન થયો ઉચાટ.
ફરીને તપ કૈલાસે લીધું, એક પ્રીતથી પુજન કીધું;
પારવતીપતિ પરસન થયા, માગ્ય માગ્ય એ વેણુજ કહ્યાં.
તાતજી માગું આપો વચન, મુજને આપોને એકજ તંન;
વળી આપે જે આપ્યાછે હાથ, તેથી વઢનારો આપોને તાત.
જોર આપ્યું તો જુધ્ધજ આપો, નહીં તો બાઝોકે બળીયો થાપો
શિવજી બોલ્યા સદાશીકાળ, સુણજે હરી [illegible]કૃપાળ.
વળતી રાયજી વદ્યા વાણ, પ્રથમથી આપો શત્રુની જાણ;
ત્યારે શિવજી બોલ્યા ત્યાં નેક, તનિશા તો થાશે તાહારે એક.
તેના વડા થાશે અસુર, તે તુજ ભુજને કરશે ચકચુર;

વેહેરી વળી થાશે તાહરો જ્યારે, ધરમની ધજા આભ લાગશે ત્યારે
શિવજી થયા અંતરધ્યાન, બાણાસુરનું ઉતાર્યું માન;
પરણાઇને પોતે આવ્યા છે ઘેર, હવે હું કહું પુત્રીની પેર.
ભોળાનાથે જઇ તપજ લીધું, પારવતિને વરદાનજ દીધું;
પછી માતાએ મેલ ઉતારયો, વડી પુત્રિને પુત્રજ સારો.
પુત્રનું નામ ગણપતી પાડ્યું, એવા નામ તે પુત્રીનું ધાર્યું;
એક દિને માતા બેઠાં છે ન્હાવા, નારદ રૂષિજી ત્યાંજ આવ્યા.
જાતાં વાર્યા ગણપતિએ ત્યાંય, રીશ ચઢિ રૂષિને મનમાંય;
ગંગાએ જઇ રૂષીજી કહેછે, તે તો માહાદેવને મોગ્યાં છે.
વાહરે જોગી તપસાના ધારી, સતિ સાધવિ પારવતિ નારી;
એકલાં મુંકી ક્યારના આવ્યા, માહાદેવે બહુ વર્ષ બતાવ્યાં.
ત્યારે મુની બોલ્યા મૂખ, દીલ ધરશો નહિ માહાદેવ દુઃખ;
તન તનયા તમારે ઘેર, તમવિના પ્રગટે શી પેર.
નજરે જોઇ આવ્યો છું આપ, કુડ કહેતા લાગે પાપ;
ઊઠયા શિવજી ચઢાવી કાળ, ત્રિશુળ લઇ ધાયા તત્કાળ.
ઘરમાં પેસતાં ગણપતે વાર્યા, જટા ઝાલી ભોંય પછાડયા;
ઉઠયા શિવજી ક્રોધ ચઢાવી, ત્રિશુળધારીએ ધરણી ધ્રુજાવી.
રીશતો અતિ શિવને વ્યાપી, નાખ્યું પુત્રનું મસ્તક કાપી;
આંસુ આવ્યાં ઊમીયાજીનેણ, કરગરી પાયે વદેછે વેણ.
આપવચને તન તનયા બનાવ્યાં, રૂષિજીએ તો રોશી ભરાવ્યા
પછી શિવની રીસજ ગઇ, મેગળ મસ્તક લાવ્યા જઇ.
ચોંટ્યું મસ્તક વિધીએ કરી, છાંટ્યું અમૃત અંજલી ભરી;

મોહ્યું મસ્તક શોભેજ નહીં, અમર તો આવી ઊભા છે ત્યાંહીં.
શ્રાપ્યા તેમને ગણપતિ દેવ, મૃગુલોક કરશે તુજ સેવ;
શુભ કામમાં નામ જ તારૂં, ત્યાર પછી તો નામ અમારૂં.
અંતરધ્યાન એ અમર થયા, સહુ સહુને ઠેકાણે ગયા;
સંતાપ હતો ઓખાજીમાંહ, સરાપ દીધો માતાએ સહી.
અસુરને ઘેર અવતાર થાશે, પુત્રી કરગરે માતાની પાસે;
ત્યારે માતાએ મહેરજ કીધી, ચિત્રલેખીને સાથેજ દીધી.
ઓખાજી જનમ્યાં બાણુને ત્યાંય, બીજી થઈ કોભંડ કન્યાય;
બાપ પીએને મોજ કરે છે, બન્યે બેહેનીઓ સાથે ફરે છે.
અનુક્રમે દિન ઝાઝેરા થયા, બાણાસુર તો સોકારે ગયા;
પારવતિ સતિ ન્હાવાને ગયાં, ઓખા બાઈ તૈયાર થયાં.
ચિત્રલેખિ એ બાજી સાઈ, સણગાર સજીને પાસેરે ગઈ;
ઓખાએ કીધું સમરણ જઈ, માતા બોલ્યાં તુરતમાં થઈ.
માગ માગને માગ નિરધાર, ઓખાએ માગ્યો પતિ ત્રણવાર
પછી બોલીયાં સતિ પારવતિ, ત્રણ વેળાએ પરણીશ પતિ.
ઓખાજી કહે મોટો ઉતપાત, ત્યારે બોલિયાં ફરીને માત;
ત્રણ વેળાએ એનો એ સ્વામી, રૂપ રતિને નથી કાંઈ ખામી.
વેળાએ કરજે અણુખુંવ્રત, તો તો સ્વામ તું પામીશ પૂર્ત;
સુદ વૈશાખે બારશી ખાસી, પતિ પરણીને બાસેજ નાશી.
એની વાત તો સ્વપ્નામાં થાશે, ચિત્રલેખા આપીને જાશે;
એવું કહીને માતાજી ગયાં, બંને બેનીયો ચાલતાં થયાં
બાણાસુર તો આવ્યા છે ઘેર, સર્વે જાણી પછિપુત્રિની પેર;

વચન શિવનું સાંભરી આવ્યું, ઓખા બાઇને મારવું ભાવ્યું.
પુત્રીને મારે પતિ નહિ હોય, પતિ નહિં તો શ્વસુર નહિં હોય;
એવું ધારીને મારવા આવ્યા, નારદ ઋષિજી ત્યાંહાંજ આવ્યા
બાળને મારે બાળ હતાય, બતાવું તે કરજો તમે રાય;
કુંવારી કુંવરી તમેજ રાખો, વીના વાંકે તો મારી ન નાંખો.
એવું કહીને ઋષીજી ગયા, બાણાસુરતો પાછેરા વળ્યા;
એકડંડીયો મેહેલ બનાવ્યો, ઓખાને રહેવા ઠરાવ્યો.
ચિત્રલેહાને ઓખારેબાઈ, બંને જણ રહેછે માળીયા માંહી;
સહસ્ત્રાદસતો મુક્યા રખવાળ, કુંવારી રાખવા પોતાની બાળ.
અનુક્રમ દિન ગયાછે વહી, વર વરવાને આખરે થઈ;
ચઇત્ર માસતો આવ્યોછે જ્યારે, ઓખાએ આદર્યાં વૃતજ ત્યારે.
સુદ ચઉદશે દાસસથઇ, સ્વામી સંભારી સુઇજ રહી;
સ્વપ્નું થયુંછે ઊંઘજ આવી, જાણે નવરંગી ચોરી ચિતરાવી
વરકંન્યા બેઠાં માળીયામાંહી, હસ્ત મેળવી પરણ્યાંછે તાંહી;
પરણીને ઊઠ્યાં ઓખારેબાઈ, સ્વામી સહીત માળીએ ગઇ.
પલંગે પોઢ્યાં પ્રેમદા પતિ, હાસ્ય વિનોદ તીયાંજ થતી;
બીડી કરડીને સ્વામીજી કહેછે, મુખમાં લેઈ દારાને દેછે.
તેતો ઓખાએ લીધીજ નહીં, પતિતો પછી ગયા રીસઇ;
ઝબકી જાગીને ઓખાજી ઊઠ્યાં, જુડાં યવાંનું આંસુડાં છુટ્યાં
અનંગ અનંગળ બાળ્યોછે અંગ, પતિ પોતાનો કરીને સંગ;
દશે દિશાએ મારેછે રાંકાં, બોળી બોળીને થયાંછે હાંકાં.
અમુલ્ય રત્નું હાથમાંથી ધારે, કામનીએ માંડ્યું કરગરવા ત્યારે;

તમારે મન હસુંજ કરવું, મારે નીરાંત રોઇને મરવું.
કીડી ઉપર શું કટક લાવો, નાથજી કેમ નમેરા થાવો:
નહીં બોલો તો પીંડજ પાડું, આ હત્યા તો આપને આપું.
તોય ન બોલ્યા પોતાના પતિ, ઓખાબાઇની ગઇછે ગતિ;
ચિત્રલેહાને જઇ જગાડી, તનેતો નીદ્રા આવેછે રહાડી.
ઉઠી વિધાતા કહેછે વાત, કેમ અતીશે માંડયા કલ્પાંત;
ત્યારે બોલયાં ઓખાજી તાંહીં, સ્વામીસંતાપો માહરો આંહી
ચિત્રલેહા કહે અકલગઇ, અમર પણ આંહી આવેજ નહીં;
જંપના એ આવી પતિની જંપ, સ્વપ્નાની વાત હોયજ ભંગ.
એવીરીતે તો ઓખા સમજાવી, ચિત્રલેહાની વાત નઆવી;
કરી દીપક દેખાડયોમાળ, દીઠા નહીં પતિ પડીછે ફાળ.
પછી મુર્છીત પોતેજ થઇ, ઊઠાડી ઓખા વિધાતા જાઇ:
ચિત્રલેહા તો કહેછે વાત, વચન આપ્યુંછે ઉમીયાજી માત.
ત્યારે બોલિયા ઓખાજી ફરી, સ્વામી લાવને કહું કરગરી;
વિધાતા કહે સ્વપનું આવ્યું, નામ વિના તો કોનેજ લાવું.
ઓખાજી કહે કરગરી વાણ, નહિ લાવે તો જાશેજ પ્રાણ,
ચિત્રલેહા કહે ચિત્રજ કાઢું, ઓળખી કાઢે તો આણીજ લાવું.
ઓખાજીએ તો હાયજ કીધી, કાગળ રંગને કલમ લીધી;
ચિત્ર કાઢેછે ચિત્રલેહી, સર્વ દેવની કાઢીછે દેહી;
નાના મોટા તો કાઢયાછેભૂપ, તે તો નગમ્યાં ઓખાને રૂપ;
કાઢયાછે પછી કૃષ્ણ મહારાજ, સસુરની ઉભાં કાઢીજ લાજ.
છેલ્લો કાઢયોછે ઓખાનો સ્વામી, ઓખાજી ઉભાં મસ્તકનામી

કાગળને બેઉ ભુજાએ ભરે, સ્ત્રી ચરિત્ર વિચિત્ર કરે.
સાદ કહાડીને આંસુડાં લાવે, પતિ હો પતિ પ્રીતે બોલાવે;
બોલે નહિં પતિ અતિશે રૂવે, રૂપ ભુપનું નિહાળી જુવે.
ચિત્રલેખિકે ચિતરજ કાટે, શું બાઝે છ મીને સ્વામીની સાટે.
ઓખાબાઈ કહે આણીજ આપો, કષ્ટ હરણી હો કષ્ટજ કાપો;
રૂદન જોઈ વિધાતી બાઇ, સામાતો સમળી સ્વરૂપ થઈ;
પવન વેગમાં ઉડી આકાશ, દખી ઓખાને થઓ ઉલ્લાસ"
દ્વારીકા જોજન સહસ્ત્ર અગીયાર, પોકી પક્ષણી ક્ષણિકવાર;
ફેરવા આવ્યું ચક્ર ત્યાં શીર, પક્ષણી પેઠી ગોમતી નીર.
તતક્ષણ ત્યાં આવ્યાછે રૂખી, જાવા દેજો માં કરીશ દુખી;
ગયા ચક્રને રૂખિજી કહી, પક્ષણી પછી પુરમાંહી ગઇ.
અનીરૂધ સુતા હતે હિંડોળે, ત્યાંહી દાસીઓ વાયજ ઢોળે;
ચિત્ર લેખિએ ઊંઘને સમરી, હિંદોળો લઈ ગગન પરવરી.
પવન વેગમાં ઊડીછે સતિ, આવીને આપ્યો ઓખાને પતિ;
તતક્ષણ ત્યાં રૂખિજી આવ્યા, ગાંધર્વ વિવા કરી પરણાવ્યા.
ચિત્રલેખા તો આકાશે ગઇ, બાવરી બની ઓખા બાઇ;
સક્ષ વિંછીની વેદના વામી, છાની રાખીછે ઓખાને સ્વામી
હાસ્ય વિનોદ તીવાં કરેછે, દેવ લોકનું સુખ ધરેછે;
પહેલી વીશીમાં વર્ષજ સોળ, રૂપ રતિને રાતાંછે ચોળ.
સુર્ય શશીની દીસેછે જોડ, બંનેમાં નથી કાંઈપણ કે ખોડ;
અનંગ અનંગળ વ્યાપ્યોછે અંગ, અહર નીશા બે કરેછે સંગ.
આસુકને માહાસુખ વેલાં તે થયાં, માને બાપતો વીસરી ગયાં

મા અરૂણ આથમે ઊગે, અવની આકાશે આંબ ન પુગે.
બાર જોબનમાં ઓખાજી રહી, કમળની પેરે કાયાજ થઇ;
સુપનમાં ગયાં માસજ પાંચ, અરૂણની માસમાં આવશે આંચ.
રખવાળે નિહાળ્યું રૂપ, જારૂપ કરી તે જઈને ભુપ:
જાણી વાતને બળતે ભાગી, અગ્નિની ઝવાળા મસ્તકે લાગી.
આપી બાણે તો આજ્ઞા પ્રધાન, જોઈને આવો ઓખાનાં વાન;
કહેતામાં મંત્રી તૈયાર થયો, આવ્યો તો એ બા આવાસે ગયો.
કોબંડે જઈ હાકોટી બાળ, રૂપ દેખાડે નીકળી બાર:
ચીવિચિત્ર ગુંબજ થઈ, કૌતક જનતો આવ્યું છે અહીં.
સાંભળી બોલ્યાં ઓખાજીબાઈ, તારી સારી કયાં અક્કલ ગઈ;
કહેવા દે મારી માતાને આજ, વળતી હું કાઢું માહારી દાઝ.
વચન સાંભળી ઓખાનું તહીં, કરગરવા માંડ્યું વણીક ભાઈ:
એવામાં તીહાં સૈન્યજ આવ્યું, નંદને પછી ફંદજ ફાવ્યું.
સૈન્યે આવીને હોકારા કીધા, બાણ બાણના ડંકાજ દીધા;
હોકારા સુણી ઊઠ્યો કુમાર, મેઘની પેરે કીધો હોકાર.
બાળમાં જુવે તો કંઇ ન જડતું, ભુંગળ તાણીને મુક્યું છે પડતું.
કાઇને પાડું ગડદા લાત, કોઈની કીધી ભુંગળે ઘાત.
વાઘ બકરાંનો વાળે જેમ ઘાણ, સહસ્ત્ર વીસના લીધા તેમ પ્રાણ
જીવ લેઇને નાઠા મુકી, સૈન્ય નાઠું છે ધરીને બીક.
રીસ અતિસે બાણુને વ્યાપી, હમણાં તેને હું નાખું છું કાપી;
દાંત પીસે ને કાતરીઆં ખાય, વાઘથી ફેર કરી સુંબાય.
ભલા ભલા તો વરસે છે ભુંપ, એ તે શીયાળ કરવાનો શું પ.

અભિમાન આણી મુછોજ મરડી,નથી હજીતે આવ્યે મુજહડી
એમ કહી આશાકીધી, અગણીત સૈન્યા સાથેજ લીધી.;
હય ગયનો પારન લહુ, વળી વાહનો લીધાછે બહુ.
કોઇએ લીધાંછે ઢાલ તરવાર, કોઇબરછીને ફરશી તરવાર;
કોઇએ ગદાને ચક્ર પાષાણ, કોઇનાળને ધનુષ બાણ;
કોઇએ લીધાછે ભાલા અપાર, એથી અધીક લીધાં હથીયાર.
વીજળીપેરે ચળકે હથીયાર, અશ્વની ઉપર થયા અસ્વાર.
ઢોલ નગારાં વાગે સરણાઇ, તુરીને ભેરી ભુંગળ માંહી.
ઝાંઝા ત્રંબાળુ વીશેષ ગાજે, ડંકા સાટેને ઘોડલે છાજે.
વચોવચછે હસ્તીએ બાણ, આગળ ને પાછળ સૈન્ય નીરવાણ;
રીસ વ્યાપીછે બાણુને શીર, જાણે ઉછળ્યું સાહરનું નીર.
પેરે બાદળી સુર્યને સાર, તેમ જઇને ઘેર્યો કુમાર.
પછી કુમારે વીચારી વાત, ભુંગળ ઝાલીજ બંન્યોજ હાથે.
જોર કરીને ફુદડી ફરીઓ, દસસહસ્રનો કુચોજ કરીઓ;
ચાંચડ માંકડ નાંખે જેમ ચોળી, તેમ સૈન્યા સહુ નાંખ્યું રગદોળી.
નાઠું સૈન્યને પડયું ભંગાણ, અંતે અહમેવ ઉતરિયો બાણ;
શોહેર નાઠું સૌ આડે ને વાડે, નાસે લોકને બુમોજ પાડે.
ક્યાંથી આ જુદ્દો આવ્યોછે અહીં, દૈવપણ તેને જીતેજ નહીં;
નાંખ્યું બાણે તો નાગપાષાણ, અસુરની સરમે બંધાયો બાણ.
પિત્રુને પ્યારી બાંધ્યાંછે એવ, કાળા મેહેલમાં નાંખ્યાંછે તેહ;
નારદજી રૂખ્મીજી દ્વારીકાં જઇ, પુત્ર બાંધ્યાની ખબર કહી.
રડવા લાગ્યાછે પ્રભુ તે વાર, ચતુર રંગીને કીધુ તૈયાર;

ગોદળ મેદળ પેદળ બહુ, રથ પાલખી લીધાછે સહુ.
છપન કોટીતો જાદવના છોરૂ, વાસે આવેછે દૈત્યનું ટોળું:
ગરૂડ પેતે પ્રભુજી ચડીયા, નોબતડંકાતો ઝાઝાગડગડીયા.
ઢોલ ભુંગળને વાગે નગારાં, તુરીને ફેરી સરણાઇ સારાં:
દરગ પતાકા ફરૂકે બહુ, હય હાથીએ બેઠાછે સહુ.
ગદા ચક્રને લીધા પાષાણ, ફરસીને બરછી ભાલાજ બાણ:
ઢાલ સમસેર ત્રીશુળનાળ, એવી અનેક લીધાં તત્કાળ.
શોભા જોઇને સુખઉપાય, વર્ણન કેહેતાતો વધી બહુ જાય;
પ્રભુએ પછી હડાડી મુક્યો, ક્ષણુ એકમાં દ્વારીકાં ઢુક્યો.
ફુંક્યો પ્રભુએ શંખજ ત્યાંય, ત્રાસ પડયોછે શેહેરની માંય;
ઘણીગુણી કરા ઘણીજ પડીયા, ઢળીયા મેહેલને મેર ગડીગડીયા.
સાદ સુણીને સર્પજ છુટયા, છુટયા સર્પને રાયજી ઉઠયા:
ઉઠયા રાયને ગર્જનાકીધી, સંઘ સજવાને આજ્ઞા દીધી.
કાળાંકાછીને કાબળાં ઘોડાં, વળી વારૂણુ વાહનો બોહોળાં:
સજ્યા સણગાર લીધાં હથીયાર, ત્રાંબાત્રાંબાળુ ગાજે અપાર
સહુ જાતનાં વાજાંજ વાજે, મેઘની પેરે દઇતડા ગાજે;
બાણુશીવનું સમરણુ કીધું, મહાદેવનેતો માનીને લીધું.
ભૂતપલીત પ્રેત ડાકણુ. જોગણી વૈતાળ વળી શાકણુ;
અગરપાર કોટી ભૂત લાવ્યા, પોઠીએ બેસી સીવજી આવ્યા.
જળામાં વીંટયાં વ્યાલજ બહુ, આગળ શીવજી પાછળછેસહુ;
ઝાંઝ ડમરૂને ડાખલાં વાગે, રૂપસેન્યાનું બીભત્સ લાગે.
કોઇના કાન મોટા દેખાય, તાડજેવીછે કોઇની કાય;

સહુનાં છેય વીચીત્ર મુખ, કોઇનો વાંસો મોટો છે કુખ.
કોઇને નહીં સીસ મુજાય, કોઇ અતીના ભડકાજ થાય;
કોઇને મોટાં મુખને દંત, કોઇ દેખાવ માંહી બળવંત.
કોઇને મોટાં નેત્રને નાક, કોઇતો માંહી કરેછે હાક;
સામાસામી ત્યાં સૈન્યજ આવ્યાં, હાથેઉંચાડાં બાણજ લાવ્યાં.
સોનબાણુંને ત્રીજા જગબાણુ, સૈન્યા લડેછે અરપીને પ્રાણ;
કોઇતો માંહી નાંખે પાષાણુ, કોઇતો નાંખે ભાલાને બાણુ.
વળી વળીને મારે તરવાર, એક બીજાની આપેછે પાર;
અન્યો અન્યતે ખડગજ નાંખે, મારો મારો તો મુખથી ભાખે.
બર્યો ખડગનો તીહાં વરસાદ, ટોપ ગોળાનો થાયછે નાદ;
સોણીતે રસીંધુ સોણીત રે આલી, સહુના મુખની ગઇછે લાલી.
ધરાતો આપી ધ્રુજીજ રહી, ત્રણુ લોકમાં વાતજ ગઇ;
ઇંદ્રથી ઇંદ્ર જોવાને આવ્યા, ઇંદ્રાણી સહુ સાથે જ લાવ્યા.
આકાસે સુર્ય છવાઇ ગયો, હાહાકાર તો શેહેરમાં થયો;
રૂધીરે મુડદાં તણાયાં જાય, તે તો મછને કછ જણાય.
ભલી જોગણીઓ પામીછે ભોગ, નાસાનાસ બહુ કરેછે લોક;
હવે સીવને છબીલો લડે, ઉપરા ઉપરી બાણજ પડે.
પીનાક મુક્યું પ્રભુએ સાર, મહાદેવે મુક્યાં બાણજ બાર;
વળી વીઠલે મુક્યાં વીશ, તીયારે માહાદેવે મુક્યાં પચીસ
ત્રીકમે મુક્યાં બાણજ ત્રીશ, ત્યારે માહાદેવે મુક્યાં ચાલિશ;
પચાસ મુક્યાં પ્રભુએ બાણ, સાઠ મુક્યાંછે શિવે નીરવાણ.
સાઅઠે મુક્યાં સિતેર સઇ, માહાદેવે મુક્યાં એંસુંજ તહીં,

પ્રભુએ મુકયાં સતજ પુરાં, મુકયાં બસે તો શિવજી સુર.
સાંભળો મુકયાં સતજ ચાર, મુકયાં શિવજી અધુ સંસાર;
રાક્ષસને કોટી મુકયાછે બાણ, જાણ જુદ્ધનો વળ્યોછે ઘાણ.
પછી મોરારી વિચારી વાણ, મુકયું મોહના રાક્ષનું બાણ:
પાડીએ પાડયા મનુગંધર, છેદયા માડયા ભૂતનાં સર.
આરીયાં છુરીયાં નાંખે જેમ છુટી, તેમ ભૂત સર્વે નાખ્યાછે ખુંટી
નાસે ભૂતને ભડકા થાય, ચીસે ચીસતા પાડતા જાય.
છેદયા માંડયા બાણના હાથ, એવે આવી ત્યાં બાણની માત.
કોટરા પોતે નગ્નજ થઇ, સામળા સાંમી ઉભીજ થઇ;
સરખા પાસાંમાં પ્રભુ માહારાજ, છુટીને નાઠો બાણજ રાય;
કોટરા પાડે બુમજ રોળ, ફરીવળી તે બાણને પોળ:
ચક્ર નાખ્યું છે ચઢાવી કાળ, બાણાસુરનો ઉતાર્યો ભાર;
છેદ્યા સર્વે રાખ્યાછે ચાર, પૃથવીએ બાણુ તે વાર.
અંહકાર ભાઈ ઓરે જુવો, અંહરે રાયજી રાવણ મુઓ:
માટે માનથી માન ન ધરશો, નહીતર વિના મોતેરે મરશો
ઉઠી શિવજી કરીને વેગ, પૂજી પરાને ગાળ્યા મેઘ;
શીતને મુકયો પન્નગધર, વાત જ્વરને મુકયો વંસંતર.
મુકયો ત્રિપુરારીએ તરાંજ તરીયો, મોરારી મુકયો એક આંતરીયો;
ટાઢીયો મુકયો પન્નગતિ, ગુરૂ જ્વરને મુકયો ખુદ્ર.
કાળજ્વરસે ઉભીયા નાથ, રોગ ચલ્યો અન્ન મુકયાછે સાત;
ઉમયાપતિ તો મનિ હાર્યા, મોરારીનાં મેલ ધરસાવે.

અમર આવીને જોડેછે હાથ, હવે તો હદ વળીછે તાત;
સિર નમાવી કહ્યું કરગરી, શમાધાની તો બેઉની કરી.
પછી વિવાનો સામન થાય, વડીઓ સેવ પાપડ વણાય;
વરકંન્યાને પીઠીયો ચોળાય, ધવળ મંગળ ત્યાં વરતાય.
તરીયાં તોરણ બાંધ્યાંછે દ્વાર, ગીત ગાયછે શેહેરની નાર;
નાપીકે નવરાવ્યા તીયાં વરરાય, સુંદર સણગાર સોળે સજાય.
પેર્યું પિતાંબર જરકસી જામાં, પાસે ઉભાછે નવ સારા પાળા;
ખભે દોસાલો સુંદર નાંખ્યો, કંચન કટાર કેડમાં ઘાલ્યો.
મોતીનો માથે ખુંપજ સાર, સુગંધી નાખ્યા પુષ્પના હાર;
વેઢ વીંટીયો દશેજ ઘાલી, સુર્ય સરખી માહેછે લાલી.
કડાં સાંકળાં બાજુને પાચી, કુંપિયો ટેડા રહ્યાછે ઓપી
કોટમાં ઘાલ્યો નવસેરો હાર, તેજસવી પેર્યા બીજા અપાર.;
કુમકુમનું ટીલુંજ તાણી, સોહાછે માંહી સોભા આણી;
અણી આળી વળી આંખડી આંજી, કોઇ ન જાય તેહને ગાંજી.
પસલીતો પાતે પ્રીતેજ ભરી, શ્રીફળને માંહી મો'રજ ધરી;
ઘોડીની સોભા કીધી નવ જાય, ઉપર બેસાર્યા વરરાય.
મેંસનું બીંદુ કીધુંછે ગાલ, ઘોડી ચાલેછે સુંદર ચાલ;
સજ્યા સામાન તેનીજ વાર, વરઘોડો ચાલ્યો થઈ તઇયાર.
તોપ ગોળાને બંધુકો છુટે, આતસબાજી તો અતી વછુટે;
ધ્વજા પતાકા બહુ ફરફરે, નોબત ડંકા તો ઝાઝા ગડગડે.
કેસર છાંટણાં ઉડે ગુલાલ, સહુનાં મુખ થયાંછે લાલ;
જાદવો સહુ બેઠાછે ઘોડે, તેતો ઘોડલા કુદાવે કોડે.

છપન કોટીનો સરખા વાંકડીયા, સહુના મુગટ હીરલે જડીયા;
સાલદોસાલા સોભીને રહ્યા, નવા પોશાક નવજાએ કહ્યા.
દસે આંગળીએ વીંટીઓ વેઢ, કંચન કંદોરા બાંધ્યાછે કેડ;
કંઠીકડાંને કાતરા બાજુ, આથી ઘરેણું પેહેર્યુંછે ઝાંઝું.
સુખપાલ ચારઠ બગીયો બહુ, ગાડી ઘોડાનો પાર ન લહુ.
ઘોડવેલ મેનાં મારૂાને વેલ, ભારે જોતર્યાસણગારી બેલ;
છપન કોટી તો જાદવની નાર, સજીને બેઠાં માંહી સણગાર;
એક એકથી ચડીઆતાં વાન, રૂપ રતીને રંભા સમાન.
નાકે પેહેર્યાંછે કાંટા કંઈ વાળી, પટીયાં પાડ્યાંછે તેલજ ઘાલી;
આડ્ય આગળ ડામણી ચળકે, કાને ઘુઘરને ઝાળીયાં લળકે.
વાળે પરોવ્યાં મોતી મુલદાર, અંબોડા વાળ્યા વાંકા અપાર;
કપાળે ચોઢી ટીલડી લીલી, જાણું ચંદમાં ચંદની ખીલી.
આંખમાં આંજ્યું અંજન અતિ, જોતામાં જાય જનની મતી;
દાંત રંગ્યાછે દાડમની કળી, સોનેરી રેખો મારીછે વળી.
ચામીકર ચીપો ચુડલે ચળકે, બાંહ્ય બાજુને બેરખા ખળકે;
પોંચીયો જાળી ચંદન ચુડી, છલા છાપને આરસી રૂડી.
નવસરો હાર મોતીની માળા, તુલસીયાં પાટીયાં ઘાટ રૂપાળા;
કાળી ગાંઠીને સાંકળ કાળી, જપમાળા ઝીણી સાંકળી સારી;
કડલાં કાંબીઓને કુલ્લુ નેપુર, ઘુઘરવટ ઘમકે ઘુઘરી ઉર.
ખાંટ પટોળાં પેહેર્યાંછે પીળાં, સોનેરી સાળુ લાલને લીલાં;
લીલા પીળાંને કાપડાં કાળાં, હીર ભર્યાંને કસબી રૂપાળાં;
ખોળામાં લીધાં નાનેરાં બાળ, મોતી પરોવ્યાં તેમને વાળ.

અંગમાં ઓપે આંગલાં ટોપી, સેર સાંકળાં કલ્લી અનુંપી:
કોઈ સુખપાલ માફામાં માહાલે' પોતે પોતાનાં ચીર સંભારે
ગીત ગાયને થાયછે રાજી, સાદ સુણીને કોયલો લાજી;
જાનમાં જન થયાંછે ઝાઝાં, ભાત્ય ભાત્યનાં વાગેછે વાજાં.
હથીયાર ઝાલી ચાલેછડીદાર, જાચકો માંહી બોલે જેકાર;
વરઘોડો જોવાનો નમળે માગ, દૈવલોક પણ થયા અથાગ.
ખીસો ખીસો તો છડીદાર બોલે, તોય જાચકો માગ ન ખોલે;
પછી વરઘોડો ચૌટામાં આવ્યો.સૌનએ શેહેરની નારેવધાવ્યો.
વરઘોડો આખા શેહેરમાં માલ્યો,બારીએબેસીલોકોનીહાલ્યો;
ગાજતે વાજતે તોરણે આવ્યો,વીશાળ મંડપ તીહાં રચાવ્યો.
મુસળમુસળને રવઓ લાવી, પુંખવા કાજે સાસુજી આવી.
આંડી પેંડીઓ ઊછાળીનાખ્યાં,ટીલું કર્યુંછે નાસીકા તણી.
સંપુટ દેઈને ચોરીમાં આવ્યા,કંચનબાજોઠ તીહાં બેસાર્યા;
તંબોળ છંટાવી કંન્યા પધરાવી,વેદભણેછે રૂખીજી આવી
વરકંન્યા બેઠાં સામસામી, છેડાગાંઠીને વરમાળા નાંખી;
હાથે વાળો તો મેળવ્યો તાંહી, ગીતાંગાયછે ગોરીઓ માંહી.
મંગળ વરતીયાંછે તીહાંજ ચાર,સામાસામી તો જમીયાંકંસાર;
સાસુનો સાલ્લો જમાઈએ છેડો, સક્ષ ગાયથી કીધો નીવેડો.
પછી [illegible]ન્યા ઊઠયાંછે પરણી,સોભાતો તીહાં સોભેછે ઘણી;
પરણાવી ઊઠયા રૂખીતે ઠામ,સપત [illegible]છે તેહને ગામ.
જય જયકારતો તાંહી બોલાય, બ્રાહ્મણ ભાટને દાન અપાય;
પેહેરામણી ઘણી આપીછે વળી,પ્રણામપ્રીતે કર્યાછે વળી;

પછી પ્રભુએ માગી રજાય, જાન જાદવની તત્પર થાય;
સજ્યા સામાન વાગ્યાં નીસાન, હળદળી ચાલી જાદવની જાન
શોભા અપાર છે ઓખાને માય, જાન પછી તો ચાલતી થાય;
મેહું સોંપીને બેઉ બેસાર્યાં, ભોજન એકતો જઈ વળાવ્યાં.
સાસુ એકમાં ધુરીકાં પુરયાં, પુંખણાં કેરાં મુર્ત જ પુછયાં;
પન્નીરાણી મરીનો મોડ જ ચાલી, નામણુ દીવાલોપ કામણી ચાલી
અમૃત ગોમડીએ પુંખી જ લીધાં, ગોતરજ દેવને નમાવી દીધાં;
એક બેઉતો રમાડયાં સહી, દોરડા વળી છોડાવ્યો તંહી.
ઓખાજી પડીયાં સાસુને પાય, અનીરૂધ પછી મળવાને જાય;
જાદવની સહુ કરીછે ચાલ, કૃષ્ણજીએ તો પરણાવ્યો બાળ.
ઓખા આખ્યાન થયું છે પુરૂ, લખ્યું સમપુંરણ નથી અધુરૂ;
સંવંત અઠાણું એકવીસ જાણું, માસ ભાદરવો વ્યાધીનું ટાણું
કૃષ્ણ પક્ષને પંચમી તીથી, પોથી પુરી તે દીવસે કીધી;
દાસ દીનમાં દાખીજ દીધી, વાણી તાણી તો મેળવી કીધી.
કવીજન કને મારી શી મતી, દાસ ટાળજો માતા સરસ્વતિ;
ઓડઝમકને માતરનો મેળ, નપડયો નજાણું રોઠીક કેળ.
ગુજરાત દેશને વીસલપુર ગામ, મોતીદાસ છે માહરૂં નામ;
વણીક જાતને વય અઢાર, વ્યાજ વરાનો કરીએ વેપાર.
સલોકા શીખે સુણીને વાંચે, પ્રલે પાપતો [illegible];
દાસ મોતી કે, બે કર જોડ, શ્રોતા સહુ બોલો જય રણછોડ

સમાપ્ત.

અગાઉથી આશ્રય આપનાર સાહેબોનાં નામ.

નામ	વતન	નકલ
મેહતાજી. હીરાલાલ ગોવંદલાલ	કાસીંદ્રા	૫
મેહતાજી. હરીનારાયણ માહાશંકર	વીસલપુર	૫
ભાવસાર. ડાહ્યાભાઇ અમરશી	,,	૧
શા. મગનલાલ લક્ષ્મીચંદ	,,	૧
શા. મોહનલાલ દામોદર	,,	૧
પંડ્યા. શીવશંકર માહાશંકર	,,	૧
પંડ્યા. ગીરજાશંકર માહાશંકર	,,	૧
પંડ્યા. મનસુખરામ પ્રાણશંકર	,,	૧
સોની. ગોવરધન રણછોડ	,,	
શા. અમરશી કરમચંદ	,,	
શા. માહાસુખ ભીખમસી	,,	
શા. ચકુ પારશી	,,	
ચુવાણ. જાલમશંગ હાથીજી		